
## આપની આજ

નરેન્દ્ર શાહ
(મો. : ૯૮૨૫૭ ૪૨૧૨૬)

**આજે રાશિ કર્ક**

**આજના ગ્રહોની કુંડળી**




**રાત્રે દસ વાગે ચંદ્ર સિંહ રાશિમાં પ્રવેશ કરશે. ત્રીસમીએ રાહુ સિંહ રાશિમાં પ્રવેશ કરશે. ચાંડાલ યોગ થાય છે.**

**મેષ** શનિની અઢી વર્ષની પનોતી ચાલે છે. સાવધાન રહેવું - અવિચારી સાહસ ન કરવું. સ્વગૃહી ચંદ્ર અને દસમે સૂર્ય પદોન્નિત કરાવે.

**વૃષભ** દિવસ આનંદમાં પસાર થાય. વ્યસનમુક્તિ અભિયાન શરૂ કરો તો તમારી તંદુરસ્તી જળવાઈ રહેશે - કૌટુંબિક સુખ પ્રાપ્ત થાય. સંતાનોનો પ્રેમ મળશે.

**મિથુન** આવક વધશે - દિવસ આનંદમાં પસાર થાય. વ્યવસાયમાં શાંતિ જળવાય. કૌટુંબિક જવાબદારીઓ ઓછી થાય. નવા પ્રેમપ્રસંગો ઊભા થાય.

**કર્ક** ગુસ્સા ઉપર કાબૂ રાખશો - લોકો તમે ઉશ્કેરાઓ તે માટે તમોને ચીઢાઓ તેવા પ્રયત્નો કરશે - મિત્રોથી સાવધ રહેશો - મિત્રો તમારો ઉપયોગ ન કરે તે જોશો.

**સિંહ** શનિની અઢી વર્ષની પનોતી ચાલે છે - સાવચેતી વર્તવી - વણવિચાર્યા પગલાં ન ભરાય તેવા પ્રયત્નો કરશો - આર્થિક નુકસાન ન થાય તેની કાળજી રાખશો.

**કન્યા** આયોજન કરીને તમો કાર્ય કરશો તો સફળતા તમોને અચૂક મળશે - વ્યવસાયિક ક્ષેત્રે પ્રવાસની સંભાવનાઓ વધે છે - દિવસ આનંદમાં જશે.

**તુલા** શનિની સાડાસાતીનો આખરી તબક્કો ચાલે છે. ઉતરતી પનોતી છે - એકાદ આર્થિક લાભ આપી જવાની શક્યતા છે. શનિદેવ - હનુમાનજીની ભક્તિ કરવી.

**વૃશ્ચિક** શનિની સાડાસાતીનો મધ્ય - તબક્કો ચાલે છે. તંદુરસ્તી બાબતે ખર્ચ કરાવે. કાળજી રાખવી. વાયુને લગતા રોગો - કબજીયાત વિગેરેથી સાચવવું.

**ધન** શનિની સાડાસાતીનો પ્રારંભિક તબક્કો ચાલે છે. કોર્ટ કચેરીના કેસોમાં વિજય પ્રાપ્ત થાય. આગામી સમયમાં ધીરજ - શ્રદ્ધા રાખીને ઈષ્ટદેવની ભક્તિ કરવી.

**મકર** સાતમે ચંદ્ર પતિ - પત્ની વચ્ચેના મનભેદો દૂર કરીને સમજદારીથી કામ લેવા પ્રેરે છે. દસમે મંગળ અને રાશિમાં સૂર્ય વ્યવસાયિક ક્ષેત્રે પદોન્નિત કરાવે.

**કુંભ** આઠમે રાહુ - બારમે સૂર્ય ખોટા નિર્ણયો લેવડાવે જેના કારણે બધા ક્ષેત્રોમાં નુકસાન થાય - સાચવીને લાંબા વિચાર કર્યા બાદ નિર્ણયો લેવા હિતાવહ છે.

**મીન** કર્ક અને વૃશ્ચિક રાશિવાળા જાતકની સાથેના સંબંધોથી લાભ મળે. દિવસ આનંદમાં પસાર થાય. લાગણીઓમાં ખેંચાશો નહીં - બુદ્ધિનો ઉપયોગ કરશો.





## મોડાસામાં મેરેથોન દોડ યોજાઈ : ૨૫ સ્કૂલોના ૧૫૦૦ દોડવીરોએ ભાગ લીધો

અરવલ્લી જિલ્લાના મોડાસા ખાતે આજે બેટી બચાવ થીમ ઉપર મેરેથોન દોડનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મેરેથોન દોડનું પ્રસ્થાન મોડાસાના પ્રથમ નાગરિક વનિતાબેન પટેલે કરાવ્યું હતું. મેરેથોન દોડ મોડાસા ચાર રસ્તાથી ભેરૂન્ડા રોડ પર આવેલ રેડીયન્સ ઈંગ્લિશ મીડીયમ સ્કૂલ સુધી નીકળી હતી. જેમાં મોડાસાની ૨૫ સ્કૂલોના ૧૫૦૦ કરતા વધારે દોડવીરોએ ભાગ લીધો હતો અને તેમાંય બેટી બચાવના સંદેશ માટે ૪૦૦ કરતા વધારે વિદ્યાર્થીનીઓ પણ જોડાઈ હતી. અંતે મેરેથોન દોડમાં વિજેતા પામેલાનું મેડલ આપી સન્માન કરવામાં આવ્યું હતું. અને સમગ્ર કાર્યક્રમ દરમ્યાન મોડાસાની વિવિધ સ્કૂલોના આગેવાનો અને શિક્ષકો હાજર રહી સમગ્ર મેરેથોન દોડને સફળ બનાવી હતી. સાથે મોજાસા સાર્વજનિક હોસ્પિટલના ડૉક્ટર ઈફતેખાર મલેક અને જેબી શાહના મોદી સાહેબ પણ આ કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી. અને અંતે તમામ નામી અનામી અને ભાગ લેનાર દોડવીરોનો રેડીયન્સ ઈંગ્લિશ મીડીયમ સ્કૂલ દ્વારા આભાર માનવામાં આવ્યો હતો અને આવનારા દિવસોમાં આ પ્રકારનું આયોજન જિલ્લા અને શહેરમાં થાય તે જરૂરી છે જેથી બાળકોમાં ઉત્સાહ વધશે.

## ખેડબ્રહ્મા કોલેજમાં અંધશ્રદ્ધા નિવારણ કાર્યક્રમ યોજાયો

ખેડબ્રહ્મા, તા. ૨૪

ડી.ડી. ઠાકર આર્ટસ અને કે.જે. પટેલ કોમર્સ કોલેજ, ખેડબ્રહ્માના એન.એસ.એસ. વિભાગ દ્વારા અંધશ્રદ્ધા નિવારણ કાર્યક્રમ યોજાઈ ગયો. જેમાં અંધશ્રદ્ધા નિર્મૂલ સમિતિ (પાલનપુર)ના સહયોગથી વિદ્યાર્થીઓમાં વૈજ્ઞાનિક અભિગમ કેળવાય એ આશયથી આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આ સમિતિના પ્રમુખ શ્રી પ્રોફે. અશ્વિનભાઈ કારીયાએ 'વૈજ્ઞાનિક અભિગમ' એ વિશે વ્યાખ્યાન આપ્યું હતું. તેમજ આ સમિતિના સભ્ય શ્રી જે.કે. સુથારે વિવિધ નિદર્શનો દ્વારા અંધશ્રદ્ધા સામે જાગૃતતા લાવવાનો પ્રયત્ન કર્યો હતો. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન કોલેજના પ્રિ.એન.ડી. પટેલના માર્ગદર્શન હેઠળ એન.એસ.એસ.ના પ્રોગ્રામ ઓફિસર ડૉ. વી.સી. નિનામા અને ડૉ. મંજુબેન ખેરે સફળતાપૂર્વક કર્યું હતું. સફળ સંચાલન ડૉ. હેમંત સુથારે કર્યું હતું.

## કોડીયાવાડામાંથી બાઈકનું વ્હીલ તથા પેટ્રોલ ચોરાતા ફરિયાદ

વિજયનગર તાલુકાના કોડીયાવાડા ગામે રહેતા બાબુભાઈ મંગુજી પટેલના બાઈક નં.જીજે. ૦૯. સીએમ.૭૨૧૫ નું રૂા.૭ હજારની કિંમતનું પાછળનું ટાયર તથા તેમની ટાંકીમાંથી રૂા.૫૦૦નું પેટ્રોલ મળી રૂા.૭,૫૦૦ની મત્તા મળી શુક્રવારે અજાણ્યા શખ્સો ચોરી કરી ભાગી ગયા હતા.

## આતરસુંબામાંથી બાઈક ચોરાતા ફરિયાદ

વિજયનગર તાલુકાના આતરસુંબામાં દુકાન આગળ શુક્રવારે પાર્ક કરેલ રૂા.૧૦ હજારની કિંમતના બાઈકની અજાણ્યો શખ્સ ચોરી કરી લઈ જતા રવિવારે અજાણ્યા શખ્સ વિરૂધ્ધ વિજયનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવાઈ હતી. આતરસુંબામાં દુકાન ધરાવતા ઉસ્માનગની ગુલામનબીએ શુક્રવારે પોતાની દુકાન આગળ બાઈક નં. જીજે.૯.ડી. ૬૯૯૯ પાર્ક કર્યુ હતું. પરંતુ તેમની જાણ બહાર અજાણ્યા શખ્સે આવી બાઈકની ચોરી કરી લઈ ગયો હતો. જે અંગે તપાસ કરવા છતાં કોઈ પત્તો ન મળતા ઉસ્માનગનીએ રવિવારે અજાણ્યા શખ્સ વિરૂધ્ધ વિજયનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

## કોટડામાંથી બે બોગસ તબીબો પકડાયા

સાબરકાંઠા જિલ્લામાં આવેલા સરહદી વિસ્તારોમાં તથા ઉંડાણના ગામડાઓમાં બોગસ ડોકટરો લોકોના આરોગ્ય સાથે ચેડા કરી મનફાવે તેમ નાણાં વસુલે છે. જેના કારણે કયારેક તો દર્દીનું મોત પણ નિપજે છે. તેમ છતાં આરોગ્ય વિભાગ દ્વારા ઉંડાણના ગામડાઓમાં બોગસ પ્રેકટિસ કરતા તબીબો સામે ઠોંસ કાર્યવાહી કરાતી ન હોવાની છાપ પ્રજામાં ઉપસી રહી છે ત્યારે શનિવારે આરોગ્ય વિભાગની ટીમે કોટડામાંથી બે બોગસ તબીબોને ઝડપી લીધા હતા.

# ક્લિન એન્ડ પ્લાસ્ટિક ફ્રી પાલનપુર માટે યોજાશે મેરેથોન

## પાલનપુર શહેરના નાગરિકો ૨૮ જાન્યુઆરીએ આપશે સ્વચ્છતાનો અનોખો સંદેશ

પાલનપુર, તા. ૨૪

બનાસકાંઠા જિલ્લાના મુખ્ય મથક પાલનપુર સ્થિત જી.ડી. મોદી વિદ્યા સંકુલ ખાતે આગામી ૨૮ જાન્યુઆરીએ મીની મેરેથોનનું આયોજન કરવામાં આવ્યું છે. હજારો છાત્રો સહીત શહેરના પ્રબુદ્ધ નાગરિકો આ દોડમાં ભાગ લઈ શહેરને સ્વચ્છતાનો અનેરો સંદેશો પાઠવશે.

ક્લિન એન્ડ પ્લાસ્ટિક ફ્રી પાલનપુર માટે બનાસકાંઠા ડીસ્ટ્રીક્ટ કેળવણી મંડળ પાછલા છ વર્ષથી જાન્યુઆરી મહિનામાં પાલનપુર મેરેથોનનું આયોજન કરે છે જે અંતર્ગત ચાલુ સાલે આગામી ૨૮ જાન્યુઆરીના રોજ સવારે ૮.૩૦ કલાકે જુદી જુદી ૩ કેટેગરી માટે દોડ યોજાશે. જેનું રજીસ્ટ્રેશન હાલમાં પાલનપુરની જીડી મોદી સંકુલ સ્થિત બીકે મહેતા બીસીએ કોલેજ ખાતે ચાલી રહ્યું છે. મેરેથોનમાં જે ૩ જુદી જુદી દોડનો સમાવેશ કરવામાં આવ્યો છે તેમાં વરિષ્ઠ નાગરિકો અને વિકલાંગો માટેની દોડ ૩ કિલોમીટર, સ્કૂલના બાળકો માટેની દોડ ૫ કિલો મીટર જ્યારે દસ કિલોમીટરની દોડમાં ઓપન કેટેગરી રાખવામાં આવી છે. વ્યવસ્થાના ભાગરૂપે માત્ર ૫૦ રૂપિયા રજીસ્ટ્રેશન ફી રાખવામાં આવી છે.

મેરેથોન દોડમાં ભાગ લેનારને ટી શર્ટ કેપ અને પ્રમાણપત્ર વિનામૂલ્યે એનાયત કરવામાં આવશે અત્રે ખાસ ઉલ્લેખનીય છે કે ધોરણ-૬થી ૧૨ના છાત્રો માટે વિના મૂલ્યે રજીસ્ટ્રેશન કરવામાં આવી રહ્યું છે. પાલનપુર મેરેથોનને લગતી વધુ માહિતી www.palanpurmarathon.com પરથી મેળવી શકાશે આ ઈવેન્ટમાં ભાગ લેવા રજીસ્ટ્રેશન ફરજીયાત છે જે જીડીમોદી વિદ્યા સંકુલની કોઈ પણ શાખામાંથી આ અંગેનું માર્ગદર્શન મળી રહેશે. આ ઈવેન્ટને સફળ બનાવવા શહેરની અનેક સેવાભાવી સંસ્થાઓનો સહયોગ કોલેજને મળી રહ્યા છે.

## શારદાકુંજ સોસાયટીમાંથી કાર ચોરાઈ

હિંમતનગરના શારદાકુંજ સોસાયટીમાંથી શનિવારે અજાણ્યા શખ્સોએ આવી કાર નં. જીજે. ૧૭. સી. ૩૬૮૯ ની ચોરી કરી ભાગી ગયા હતા. મારૂતીપ્રસાદ રામુભાઈ ભાટીયાએ તપાસ કરવા છતાં કારનો કોઈ પત્તો ન મળતા ૧ લાખની કાર ચોરાયાની ફરિયાદ એડીવીઝન પોલીસ સ્ટેશનમાં નોંધાવી હતી.

## પ્રાંતિજ આંગણવાડીમાં વાત્સલ્ય ડે યોજાયો

પ્રાંતિજ,તા. ૨૪

પ્રાંતિજ રેલવે સ્ટેશન નાળીયા વિસ્તારમાં આવેલ આંગણવાડી ખાતે સગર્ભા મહિલાઓ અને ધાત્રી માતાઓને આરોગ્યલક્ષી માર્ગદર્શન આપી સન્માનિત કરવામાં આવી હતી. અને આંગણવાડીના ભુલકાઓને રમકડાનું વિતરણ કરવામાં આવ્યું હતું.

પ્રાંતિજ જાયન્ટસ ગૃપ દ્વારા નાળીયા વિસ્તારમાં આવેલ આંગણવાડી કેન્દ્રમાં છ આંગણવાડીનો સમુહ વાત્સલ્ય દિનની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં રેલવેસ્ટેશન, ઢબુનગર, ભાંખરીયા ટેકરા અને નાળીયા વિસ્તાર વગેરે વિસ્તારની મહિલાઓએ ભાગ લીધો હતો. જેમાં સગર્ભા મહિલાઓને શ્રીફળ અને સાંકળ આપી સન્માનિત કરવામાં આવી હતી. જયારે ધાત્રી માતાઓને પણ આરોગ્યલક્ષી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. જયારે આંગણવાડીના ભુલકાઓને રમકડાનું વિતરણ કરવામાં આવ્યું હતું.



પ્રજાપતિ સ્થાયી પરિવારના ઈષ્ટદેવ ભગવાન શ્રી પદ્મનાભજીના મંદિર પરિસરમાં બિરાજમાન શ્રી અંબાજી માતાજીના સનમુખ આજરોજ માતાજીના પાટોત્સવ દિવસની ભક્તિમય માહોલમાં ઉજવણી કરવામાં આવી હતી. આ ધાર્મિક પ્રસંગને લઈ શક્તિયજ્ઞનું પણ આયોજન કરવામાં આવેલ જેનો મોટી સંખ્યામાં ભાવિકભક્તોએ ઉપસ્થિત રહી દર્શન પ્રસાદનો લાભ લીધો હતો. માતાજીના પ્રાગટ્ય પર્વને યાદગાર બનાવવા પાટણ પ્રજાપતિ એકતા મંચના યુવા કાર્યકરોએ ભારે જહેમત ઉઠાવી હતી.

## હિંમતનગરમાં પોલીસ તરીકેની ઓળખાણ આપી બે ગઠિયા નજર ચૂકવી ૩૦ હજાર ઉઠાવી ગયા

હિંમતનગર, તા.૨૪

હિંમતનગરના મહાવીરનગરમાં આવેલ આનંદ બંગ્લોઝમાં રહેતા એક શખ્સને શનિવારે મળીને અમે પોલીસના માણસો છીએ તેમ કહી આઈકાર્ડ બતાવી વિશ્વાસમાં લીધા બાદ તેમની સોનાની ચેઈન અને વીંટી મળી રૂા.૩૦ હજારની મત્તા નજર ચૂકવીને તેમના ખિસ્સામાંથી લઈને ભાગી ગયા હતા. જે અંગેની ફરિયાદ એડીવીઝન પોલીસ સ્ટેશનમાં નોંધાવાઈ હતી.

આ અંગેની વિગત એવી છે કે આનંદ બંગ્લોઝમાં રહેતા શૈલેષકુમાર મહેન્દ્રભાઈ દોશીને શનિવારે કાળા રંગની બાઈક પર આવેલા અજાણ્યા શખ્સોએ અમે પોલીસના માણસો છીએ તેમ કહી આઈકાર્ડ બતાવી કહ્યુ હતું કે હાલમાં ચોરીના બનાવો વધુ બને છે. તેથી તમો સોનાની ચેઈન તથા વીંટી કાઢી રૂમાલમાં વીંટાળી ખિસ્સામાં મુકાવી દીધી હતી. ત્યારબાદ આ બંને શખ્સો શૈલેષકુમાર દોશીની નજર ચૂકવી તેમના ખિસ્સામાંથી રૂા.૩૦ હજારની મત્તા લઈને ભાગી ગયા હતા. જે અંગે શૈલેષકુમાર દોશીએ હિંમતનગર એડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

## હિંમતનગરમાં વેરહાઉસીંગના કર્મચારીએ ૭.૪૮ લાખની મગફળીની ઉચાપત કરતા ફરિયાદ

હિંમતનગર, તા.૨૪

હિંમતનગરમાં ગુજરાત વેરહાઉસીંગના જુદા જુદા ગોડાઉનોમાંથી વર્ષ ૨૦૦૯ થી ૨૦૧૫ દરમિયાન એક કર્મચારીએ ફરજ પ્રત્યે બેદરકારી દાખવી જાવક રજીસ્ટરમાં ડ્રાઈવરની સહી લીધા વિના તથા સ્ટોક પત્રકમાં પણ ઈરાદા પૂર્વક ચેકચાક કરી આ ગોડાઉનોમાંથી મગફળીની રૂા.૭,૪૮,૦૩૦ ની ૪૧૨ બોરીની ઉચાપત કરતા તેની વિરૂધ્ધ શનિવારે એડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવાઈ હતી.

જી.વી. ગોહિલના જણાવાયા મુજબ ગુજરાત વેરહાઉસીંગના હિંમતનગરમાં આવેલ વિવિધ ગોડાઉનોમાં તા.૩૦/૭/૨૦૦૯ થી તા.૩/૧૦/૨૦૧૫ દરમિયાન વેરહાઉસીંગના કર્મચારી ઈશ્વરભાઈ રામભાઈ તડવી દ્વારા જાણી જોઈને જે કામ ફરજમાં આવતું હતું તે કરતા ન હતા. તેમજ મગફળીની જાવક અંગે કોઈ ટ્રક ચિઠ્ઠી નહિ બનાવી તેમજ માલ લેનારની સહી પણ કરાવતા ન હતા. એટલુ જ નહિ પણ જાવક રજીસ્ટરમાં નાફેડના પ્રતિનિધિ કે ટ્રક ડ્રાઈવરની સહી નહિ કરાવી નિગમની અસલ વેરહાઉસ રસીદમાં માલ પરત આપ્યા બાબતે કોઈ નોંધ કરતા નથી. માલ ઉપાડવાના ડીલેવરી ફોર્મમાં તથા સ્ટોકપત્રકમાં ઈરાદા પૂર્વક પોતાની ફરજ દરમિયાન રૂા.૭,૪૮, ૦૩૦ ની કિંમતની ૪૧૨ બોરી મગફળીના હિસાબમાં ગોટાળો કરી ઉચાપત કરી હતી. તારકભાઈ નટવરલાલ પંડયાએ આ કર્મચારી વિરૂધ્ધ હિંમતનગર એડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

## કાયદો અને કાનૂન

● ૪ પાનાનું ચાલુ...

સુપ્રિમ કોર્ટે જણાવ્યું કે સંસદને ૭ મા પરિશિષ્ટમાં સંઘ યાદીમાં નિદિષ્ટ કરાયેલ કોઈપણ વિષય સંબંધમાં કાયદો ઘડવાની સત્તા માત્ર સંસદને છે. આ પાર્ટીને સંઘ યાદી તરીકે ઓળખવામાં આવે છે. આ યાદીમાં નિર્દિષ્ટ કરાયેલ વિષયો સંબંધમાં રાજય ધારા ગૃહને કાયદો ઘડવાની સત્તા છે તેમજ સહવર્તી યાદીમાં જણાવ્યા મુજબના કાયદા ઘડવાની સત્તા સંસદ તેમજ રાજયના સંસદીય ગૃહને છે. સંસદે ઘડેલ કાયદાઓના અથવા સંઘ યાદીમાં નિર્દિષ્ટ કરાયેલ કોઈ બાબત સંબંધમાં કોઈ કાયદાના વધુ સારા અમલ માટે સંસદને કાયદો ઘડીને વધારાની અદાલતોની સ્થાપના કરવાની સત્તા બંધારણમાં છે તેથી ઓરીસ્સા અને બિહારે ભ્રષ્ટાચારના મામલા માટે અલગ વિશિષ્ટ અદાલતોની રચના કરવાના અધિકારને ગેરબંધારણીય ગણી શકાય નહી. બંધારણની અનુચ્છેદ ૨૪૭ મુજબ આવી સત્તા રાજય સંસદને આપવામાં આવેલ છે. જે મુજબ વિશિષ્ટ અદાલતોના ચુકાદા ગેરકાયદેસર ઠરાવી ના શકાય ભ્રષ્ટાચારના ગુન્હામાં દોષિત જાહેર થયા પહેલા તેમની સમ્પતી જપ્ત કરવાની વિશેષ અદાલતોને સત્તા છે. આવક કરતા વધારે સમ્પતી ધારણ કરવી એ પ્રથમ દ્રષ્ટીએ જ ગુન્હો બનતો હોય આવી સમ્પતી રાજય સાત કરવાની અદાલતોને અધિકાર છે. રાજય ધારા ગૃહ સમગ્ર રાજય માટે પ્રદેશ કે તેના કોઈ એક ભાગ માટે કાયદાઓ બંધારણની કલમ ૨૪૫ મુજબ ઘડી શકે છે તથા સંસદને વધારાની અદાલતો સ્થાપવાની સત્તા બંધારણીય કલમ ૨૪૭ મુજબ આપવામાં આવેલ છે જેનો દરેક દરેક રાજય ઉપયોગ કરી વિશેષ કાયદા ઘડી શકે છે. ભ્રષ્ટાચારએ દેશનાો આર્થિક આંતક જ છે.

## અમિત શાહ

● અનુસંધાન પહેલાનું ચાલુ

ભાજપના કાર્યકરોએ ઉજવણી કરી હતી. પાર્ટી હેડઓફિસ ઉપર અને અન્ય જગ્યાઓએ ઉજવણી કરાઈ હતી. એલકે અડવાણી, મુરલી મનોહર જોશી, યશવંતસિંહાની ગેરહાજરી સૂચક બની હતી. શનિવારના દિવસે અમિત શાહની વર્તમાન અવધિ પૂરી થઈ હતી. નવી અવધિ ત્રણ વર્ષ સુધી ચાલશે. વડાપ્રધાન મોદીના નજીકના વિશ્વાસુ અમિત શાહને મે ૨૦૧૪માં રાજનાથસિંહ કેન્દ્ર સરકારમાં સામેલ થતાં પાર્ટી પ્રમુખ તરીકેની જવાબદારી સોંપવામાં આવી હતી. અમિત શાહે લોકસભાની ચૂંટણીમાં ચાવીરુપ ભૂમિકા ભાજપને જીતાડવામાં ભજવી હતી. ખાસ કરીને ઉત્તર પ્રદેશમાં ભાજપના સપાટામાં અમિત શાહની ભૂમિકા હતી.ત્યારબાદ હરિયાણા અને મહારાષ્ટ્રમાં પાર્ટીને જીત અપાવવામાં પણ અમિત શાહની ભૂમિકા હતી. જો કે, દિલ્હી અને ત્યારબાદ બિહારમાં પાર્ટીને હારનો સામનો કરવો પડ્યો હતો જેના લીધે અમિત શાહ અને નરેન્દ્ર મોદીની પણ વ્યાપક ટિકા થઈ હતી. અમિત શાહને મોદીનો સંપૂર્ણ ટેકો મળ્યો છે.

## ઠંડુ શહેર

● અનુસંધાન પહેલાનું ચાલુ

છવાઈ જાય છે. શહેરના મુખ્ય માર્ગો પર સુનકાર પ્રર્વતે છે. રાત્રિના સમયે નગરજનો કામ સિવાય ઘરમાંથી બહાર નિકળવાનુ ટાળી રહયા છે. જયારે દિવસે પણ કોલ્ડવેવની અસરના લીધે નગરજનો ગરમ કપડામાં લપેટાયેલા જોવા મળી રહયા છે. ઠંડીના લીધે શહેરના બજારોમાં પણ ખાલીપો નજરે પડે છે. શિયાળાની શિત લહેરે સમગ્ર શહેરને બાનમાં લીધુ છે. આકરી ઠંડીના લીધે એકબાજુ નગરજનો ઘરમાં પુરાયેલા રહે છે. ત્યારે ખુલ્લામાં રહેતા શ્રમજીવીઓની હાલત કફોડી બની છે. ઠંડીથી રક્ષણ મેળવવા માટે શ્રમિકો તાપણાનો સહારો લઈ રહયા છે. નગરની સેવાભાવી સંસ્થાઓ તેમજ આગેવાનો દ્વારા ગરિબ શ્રમિકોને ગરમ કપડાનુ વિતરણ કરવામાં આવી રહયુ છે. ઠંડી ગરમીની બેવડી ઋતુના અહેસાસ બાદ વાતાવરણમાંથી ગરમી સદંતર અદ્રશ્ય થઈ જતા ઠંડીના આકરા મિજાજથી નગરજનો ધ્રુજી રહયા છે. આકરી ઠંડીમાં વ્હેલી સવારે શાળાએ જતા વિદ્યાર્થીઓ પણ દયાજનક સ્થિતિમાં મુકાઈ ગયા છે. ત્યારે શાળાઓના સમયમાં ફેરફરા કરવાની માંગ પણ પ્રબળ બની છે. આજે ગાંધીનગર રાજયનુ સૌથી ઠંડી શહેર હોવાનુ સ્પષ્ટ થયુ હતુ.ઠંડીનો પારો ૬.૬ ડીગ્રી નોંધાતા સિઝનની મહત્તમ ઠંડી નોંધાઈ હતી. રાત્રિના પણ બર્ફિલા પવનથી નગરજનો ઠંડીમાં ઠંડવાયા હતા.

## કાતિલ ઠંડી

● અનુસંધાન પહેલાનું ચાલુ

તીવ્ર ઠંડીના મોજાના કારણે લોકો ઠુંઠવાઈ ગયા હતા. ઓછા તાપમાન માટેની કોઈ ચેતવણી નહીં હોવા છતાં તીવ્ર ઠંડીનો અનુભવ લોકો કરી રહ્યા છે. અમદાવાદ, ડિસા, ગાંધીનગર, વલસાડ, અમરેલી, નલિયામાં સૌથી વધુ ઠંડી નોંધાતા જનજીવનને પણ માઠી અસર થઈ છે. ગાંધીનગરમાં ગઈકાલના ૭.૨ ડિગ્રીની સામે આજે ૬.૨ ડિગ્રી તાપમાન રહ્યું હતું. અમદાવાદ અને ગાંધીનગર બંને જગ્યાએ શનિવારની સરખામણીમાં તાપમાનમાં ઘટાડો નોંધાયો હતો અને લોકો ગરમ વસ્ત્રોમાં નજરે પડ્યા હતા. અલબત્ત હવામાન વિભાગ તરફથી ઓછા તાપમાન માટેની કોઈ ચેતવણી જારી કરાઈ નથી પરંતુ સ્થિતિ જટિલ બનેલી છે. જનજીવન પણ ખોરવાયું છે. વહેલી સવારથી જ લોકો ગરમ વસ્ત્રોમાં નજરે પડ્યા હતા. હજુ ઠંડીનો ચમકારો યથાવત રહે તેમ માનવામાં આવે છે. ઉત્તર ભારત સહિત સમગ્ર દેશમાં ઠંડીનો બીજો તબક્કો શરૂ થઈ ગયો છે. હવે ફરી એકવાર રાજ્યના વિવિધ ભાગોમાં આજે કડકડતી ઠંડીનો અનુભવ લોકોએ કર્યો હતો. અમદાવાદ શહેરમાં હાલમાં ઠંડી અને ગરમી એમ બે સિઝનનો અનુભવ લોકો કરી રહ્યા હતા પરંતુ હવે એકાએક ઠંડીનો ચમકારો જોવા મળ્યો છે જેથી બાળકો અને મોટી વયના લોકોને મુશ્કેલી નડી રહી છે. એકાએક તાપમાનમાં ઘટાડો થતાં અમદાવાદ સહિત રાજ્યભરમાં તાવ અને શરદી ખાંસીના બનાવોમાં નોંધપાત્ર વધારો થયો છે.ખાસ કરીને બાળકો સકંજામાં આવી ગયા છે. ખાનગી અને સરકારી હોસ્પિટલોમાં શરદી ખાંસી અને તાવથી ગ્રસ્ત બાળકોનો ધસારો જોવા મળ્યો હતો. હવામાન વિભાગ દ્વારા જણાવવામાં આવ્યું છે કે, નિચલી સપાટી ઉપર પ્રદેશમાં ઉત્તર પૂર્વીય પવન ફૂંકાઈ રહ્યા છે. કોલ્ડવેવની ચેતવણી જારી ન થતાં રાહત થઈ છે.

## મહિલા મતદારો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આવે છે. ૨૦૧૫ની તુલનામાં ૩૫,૧૯૭ મતદારો વધ્યા છે તે પણ નોંધનીય છે.

જિલ્લામાં કલોલ વિધાનસભા મતવિસ્તાર એવો છે જ્યાં પુરૂષ અને મહિલા મતદારોએ સરખો ઉત્સાહ નામ નોંધાવવામાં દાખવ્યો છે. ૨૦૧૨ની તુલનામાં અહિ ૧૫,૯૪૦ પુરૂષ અને ૧૫,૨૧૬ મહિલા મતદારો વધ્યા છે. ગાંધીનગર (દ)માં ૨૦,૫૦૬ પુરૂષ, ૧૯,૫૭૩ મહિલા મતદારો ૨૦૧૨ની તુલનામાં વધ્યા છે.

૨૦૧૨ની તુલનામાં જિલ્લામાં માણસા વિધાનસભા મતવિસ્તારમાં ૭૮૫૬ પુરૂષ અને ૬૫૫૦ મહિલા મતદારો વધ્યા છે. દહેગામમાં ૯૬૪૪ પુરૂષ અને ૮૮૮૭ મહિલા મતદારો વધ્યા છે.

૧-૧-૨૦૧૬ની નવી મતદારયાદી ૨૨મી જાન્યુઆરીએ પ્રસિદ્ધ થઈ છે તે ઉલ્લેખનીય છે.

## મતદાતા દિવસ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ચૂંટણી પંચની સ્થાપના ૨૫મી જાન્યુઆરી, ૧૯૫૦ના રોજ થયેલ છે. આમ બંધારણના અમલ પહેલાં ચૂંટણી પંચની સ્થાપના થવી, લોકશાહીમાં તેનું આગવું મહ્ત્વ દર્શાવે છે. આથી જ ચૂંટણી પંચે તેની શતાબ્દી વર્ષની ઉજવણી દરમિયાન તારીખ ૨૫મી જાન્યુઆરીને 'રાષ્ટ્રીય મતદાતા દિવસ' તરીકે ઉજવવાનો નિર્ણય લેવામાં આવેલ છે. આમ ૨૫મી જાન્યુઆરી ૨૦૧૧થી દર વર્ષે સમગ્ર દેશમાં મતદાન મથક, વિધાનસભા મતવિભાગ કક્ષા, જિલ્લા કક્ષા, રાજયકક્ષા તથા રાષ્ટ્ર કક્ષાએ રાષ્ટ્રિય મતદાતા દિવસની ઉજવણી કરવામાં આવે છે.

રાષ્ટ્રિય મતદાતા ઉજવણી કરવા પાછળનો મુખ્ય હેતુ, યુવા, મહિલા, શહેરી મતદારો, સામાન્ય રીતે બાકાત રહેતા સમુહો, સ્થળાંતરિત શ્રમિકોને ચૂંટણી પ્રક્રિયામાં સક્રિય સામેલગીરી થાય તે મુજબના કાર્યક્રમોનું આયોજન કરવું અને તેમને પ્રોત્સાહિત કરવાનો છે.